# બનાસકાંઠા જિલ્લામાં પુનઃ તીડનું આક્રમણ



## વાવ-સુઇ ગામના ૬ ગામોમાં ફરી તીડનું આક્રમણ : ખેડૂતોમા ફફડાટ ફેલાયો

પાલનપુર, તા.૯
વાવ તેમજ સૂઈ ગામ તાલુકાના લોદ્રાણી, બુકણા, મેઘપુરા, અસારા સહિતના ગામોમાં તીડનું આક્રમણ થતાં ખેડૂતોમા ફફડાટ ફેલાયો છે. તીડ પાકનું નુકસાન કરે તે પહેલાં જ ખેતીવાડી અને તીડ નિયંત્રણ વિભાગ દ્વારા મેલાથીયાન દ્રવ્યનો છંટકાવ કરી તીડ પર નિયંત્રણ મેળવવાની કામગીરી હાથ ધરાઇ છે.

પાકિસ્તાન તરફથી આવેલા તીડનો ઉપદ્રવ થોડા સમય અગાઉ રાજસ્થાનના જેસલમેરમાં છે. જેને લઈ ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાને એલર્ટ જાહેર કરાયું હતું. અને એલર્ટ જાહેર કર્યાના ગણતરીના દિવસોમાં જ જિલ્લાના વાવ તેમજ સુઈગામના લોદ્રાણી, બુકણા, મેઘપુરા અસારાવાસ સહિતના વિસ્તારોમા ક્યાંક ક્યાંક તીડ નજરે પડ્યા હતા. હાલમાં ચોમાસાની ઋતુંને લઈ વિસ્તારના મોટાભાગના ખેડૂતોએ ચોમાસુ પાકનું વાવેતર કર્યું છે. અને તે પાકની અત્યારે લણણી થઈ રહી છે. તે સમયે જ ખેતરોમાં તીડ નજરે પડતાં જગતનો તાત ચિંતીત બન્યો છે. અને વહેલી તકે આ તીડનો સફાયો કરાય તેવી માંગ કરી રહ્યો છે. ત્યારે ખેતીવાડી વિભાગ અને તીડ નિયંત્રણ વિભાગ દ્વારા તીડનો સફાયો કરવા કામગીરી હાથ ધરાઈ છે.

આ અંગે તીડ નિયંત્રણ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર તીડનો વહેલી તકે સફાયો કરવા માઈક્રોનેઈર મશીન દ્વારા મેલાથીયાન નામનું ઝેરી દ્રાવ્ય છાંટવામાં આવી રહ્યું છે. જે અંગે તીડ વિભાગના કે. એલ. મીણાએ જણાવ્યું હતું કે અત્યારે જે તીડ જોવા મળી હતી તેના પર કંટ્રોલ કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં પણ જિલ્લામા ક્યાય પણ તીડ દેખાશે તો તંત્ર તેનો સફાયો કરવા તૈયાર છે.

સુઈગામના કેટલાક વિસ્તારોમાં તીડ જોવા મળતાં ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે.બીજી બાજુ તંત્ર નિયંત્રણ કરવા દવાનો છંટકાવ કરી રહ્યું છે.

### દવાના છંટકાવ કરેલી જગ્યા પર પ્રવેશવા પાબંદી

દવા ઝેરી હોવાના કારણે જે જગ્યાએ દવાનો છંટકાવ કરાયો છે જગ્યાએ લોકોને પ્રવેશવા તાકીદ કરાઈ છે.તીડોના સફાયા માટે જે દ્રાવ્યનો ઉપયોગ કરવામાં આવે છે તે ઝેરી હોવાથી તીડ નિયંત્રણ દ્વારા તે જગ્યાએ પ્રવેશ નિષેધના પોસ્ટર લગાવી તે જગ્યા પર એક અઠવાડિયા સુધી ન જવા માટે સૂચના આપતા પોસ્ટરો લગાવાયા છે.

### માઇક્રોનેઇર મશીન ૧ કલાકમાં ૪૦ હેક્ટર વિસ્તારને કંટ્રોલ કરે છે

તીડ નિયંત્રણ વિભાગ દ્વારા છંટાવાતુ મેલાથીયાન દ્રાવ્યને માઈક્રોનેઈર મશીનમાં ભરી તેનો છંટકાવ કરવામાં આવે છે.જે દ્રાવ્ય ૧ કલાકમાં ૪૦ હેક્ટર વિસ્તારને કંટ્રોલ કરે છે.જે પણ તીડને મેલાથીયાન સ્પર્શ કરે તે તીડનો નાશ થઈ જ જાય છે.

### દવાનો વહેલી સવારે જ છંટકાવ કરાય છે

મેલાથીયાન દ્રાવ્યએ ખૂબ જ ઝેરી અસરકારક દ્રાવ્ય હોય છે.તીડએ એવુ જીવજંતુ છે કે દિવસે અલગ અલગ જગ્યા બદલતુ રહે છે.જ્યારે વહેલી સવારે પરોઢીયે ઠંડકને કારણે તીડ એક જગ્યા પર સ્થાયી હોય છે.જેથી દ્રાવ્યનો છંટકાવ કરવામા સરળતા રહે છે.

## બાયડ કોંગ્રેસના કાર્યકરોએ ધવલસિંહ ઝાલા ૧૫ કરોડમાં વેચાયાના બેનર સાથે ઉગ્ર વિરોધ

કોંગ્રેસમાંથી ચૂંટાયેલા ધવલસિંહ ઝાલાએ બાયડ-માલપુર કાર્યકરોની અટકાયત કરી હતી.

રાજ્યસભાની ચૂંટણીમાં બાયડના કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં બાયડ બસ ૩૧ જેટલા કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી.







ધારાસભ્ય પદ પરથી રાજીનામુ આપી દેતા બંને તાલુકાના કોંગ્રેસના કાર્યકરો અને પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ધવલસિંહ ઝાલાના વિરુદ્ધમાં બાયડના કોંગ્રેસના હોદ્દેદારોએ અને કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી ૧૫ કરોડમાં વેચાયા હોવાના બેનર પ્રદર્શિત કરી રોષ ઠાલવ્યો હતો. ઉગ્ર વિરોધ પ્રદર્શનના પગલે બાયડ પોલીસે ૩૧ જેટલા અલ્પેશ ઠાકોર સાથે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ક્રોસ વોટિંગ કરી બાયડ-માલપુરના ધારાસભ્ય પદ પરથી રાજીનામુ ધરી દીધું છે. સત્તાની લાલચમાં કે અંગત કારણસર ધવલસિંહ ઝાલાએ દોઢ વર્ષના સમયગાળામાં તેમના મત વિસ્તારને નધણિયાત બનાવી મતદારો અને કોંગ્રેસના કાર્યકરો સાથે વિશ્વાસઘાત કર્યો હોવાના સુર સાથે સ્ટેન્ડ નજીક એકઠા થઈ ધવલસિંહ ઝાલા ગદ્દાર છે ના સૂત્રોચ્ચાર સાથે "ધવલસિંહ ઝાલા ૧૫ કરોડમાં વેચાયા" અને "બાયડની પ્રજાને તમે છેતર્યા પ્રજા તમને કદી માફ નહિ કરે" ના વિવિધ બેનરો પ્રદર્શિત કરી ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ કરતા બાયડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી

બાયડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશોકસિંહ કે. ઝાલાના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ પાર્ટી અને પ્રજાજનોની ૫ વર્ષ સેવા કરવાના બદલે ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અંગત કારણોસર રાજીનામુ આપી દેતા પ્રજા સાથે દ્રોહ કર્યો હોવાનું જણાવ્યું હતું.

## ખેડબ્રહ્મા હિન્દુ ધર્મ વિરુધ્ધ ઈસ્લામી જેહાદને લઈને આવેદનપત્ર

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ખેડબ્રહ્માના પદાધિકારીઓ ઘ્વારા દેશમાં વધતી જતી હિન્દુ દ્રોહી અને દેશ વિરોધી ઈસ્લામિક જેહાદી ગતિવિધિઓ ઉપર અંકુશ લગાવવા માટે રાષ્ટ્રપતિને સંબોધી મામલતદારને આવદનપત્ર આપવામાં આવ્યુ હતુ. જેમાં પરસોત્તમભાઈ પટેલ (જીલ્લા-મંત્રી), બાબુલાલ પરમાર(ઉપાધ્યક્ષ), કમલભાઈ પંડયા(કોષાધ્યક્ષ-વિ.હિ.પ), ચેતન પટેલ (સહમંત્રી), વિરલ વોરા (સહમંત્રી, વિ.હિ.પ) વિક્રમભાઈ વાઘેલા(રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ) વગેરે ઉપસ્થિત રહયા હતા.

## વડગામ વાયા ખરોડીયા પાલનપુર રોડને થીગડથાગડ કરાતા વાહનચાલકો પરેશાન



વડગામ, તા. ૯
વડગામથી વાયા ખરોડીયા વગદા થઈને પાલનપુર જતાં જર્જરિત રોડને થીગડથાગડ કરાતાં વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે. વાહનમાં બેઠેલા લોકો વગર ડાકલે ધુણતા હોય તેવો અહેસાસ લોકોને થઈ રહ્યો છે.

વડગામથી વાયા વગદા થઈને પાલનપુર જતા રોડ ઉપર સવારથી સાંજ સુધી વાહનોની ભારે અવરજવર રહે છે. મોટા અને ભારે વાહન પણ આ રસ્તા ઉપરથી અવરજવર કરતા હોવાથી રોડ જર્જરિત બની ગયો છે. આ રોડને પેવર બનાવવાની જગ્યાએ માર્ગ અને મકાનના સત્તાધીશો દ્વારા કામ ચલાવું ધોરણે રોડ ઉપર આડેધડ થીગડથાગડ કરી દેતાં સમગ્ર રોડ ઉબડખાબડ બની ગયો છે જેના કારણે આ રોડ પરથી પસાર થઈ રહેલા વાહનચાલકો અને લોકોની પરેશાનીઓ વધી ગઈ છે. ઉબડખાબડ રોડથી ત્રાહિમામ થઈ ઉઠેલા લોકો તંત્ર સામે રોષ પ્રગટ કરી રહ્યા છે ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા વડગામથી વાયા ખરોડીયા વગદા રોડને પેવર બનાવાય જેથી ચોમાસામાં લોકોની પરેશાનીઓ થતી અટકાવી શકાય.



### વડગામના ભરકાવાડામાં વૃક્ષારોપણ કરાયું

વડગામ તાલુકાના ભરકાવાડા ગામમાં આવેલા સ્મશાનગૃહમાં ગામના આગેવાનો વડીલો અને યુવાનો દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું. જેમાં મોટા પ્રમાણમાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ગામના અગ્રણી ભીખાભાઈ ચૌધરી, ગ્રામજનો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ખેડબ્રહ્મા સરકારી ગોડાઉનમાં સમયસર માલ વિતરણ ન કરાતા નોટિસ ફટકારાઈ

ખેડબ્રહ્મા, તા. ૯
સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગોડાઉન મેનેજરની લાલિયાવાડી સામે આવી છે. છેલ્લા બે સત્રથી બાળાઓનાં વાલીઓને વિના મુલ્યે આપવાનો અનાજનો જથ્થો દબાવી રાખતાં મામલતદારે વારંવાર નોટીસ ફટકારી છેવટે ખુલાસો કરવા આદેશ કર્યો છે. ઘઉં, ચોખા અને મકાઈનો જથ્થાની પરમીટ મળી હોવા છતાં પુરવઠાના ગોડાઉન મેનેજરે રોકી રાખ્યો છે. જેને લઈ મામલો ગંભીર બની ગયો છે.

ખેડબ્રહ્મા તાલુકાની પુરવઠા ગોડાઉન કચેરીના સત્તાધીશો બેદરકાર હોવા સાથે કૌભાંડની આશંકા ઉભી કરી રહયા છે. ખેડબ્રહ્મા મામલતદારની પુરવઠા શાખાએ પંથકની બાળાઓ માટે ચાલતી અન્ન ત્રિવેણી યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ માટે પરમીટ મંજુર કરી હતી. જેની સામે પુરવઠા ગોડાઉન મેનેજરે હજુ સુધી અનાજનો જથ્થો બાળાઓના વાલીઓને વિતરણ કર્યો નથી.

તાત્કાલિક ધોરણે ઘઉં, ચોખા અને મકાઈનો જથ્થો વિતરણ કરી રીપોર્ટ કરવાની સુચના ગોડાઉન મેનેજર ઘોળીને પી ગયા હોઈ તેવુ સામે આવ્યુ છે. જેથી મામલતદારે લાલ આંખ કરી બે દિવસમાં આદિજાતિની બાળાઓ માટેનો અનાજનો જથ્થો વિતરણ કરી દેવા આદેશ કર્યો છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો કલેક્ટરને અહેવાલ કરી આગળની કાર્યવાહી કરવા જણાવ્યુ.

## મફતપુરા વિસ્તારના રહીશો વરસાદી પાણી ભરાવવાની સમસ્યાથી પરેશાન

પાલનપુરના મફતપુરા વિસ્તારના રહીશો દર વર્ષે વરસાદી પાણી ભરાવવાની સમસ્યાનો સામનો કરે છે. ગયા વર્ષે પણ આ વિસ્તારમાં વરસાદના પાણી ભરાતા લોકોની ઘરવખરીને મોટાપાયે નુકસાન થયું હતું. વરસાદની સિઝનમાં આ વિસ્તારમાં પાણી ભરાવવાની સમસ્યા યથાવત રહી છે. આ ઉપરાંત આ વિસ્તારની પૂર્વ અને પશ્ચિમ બંને દિશામાં સીસી રોડ બની જતાં આ વિસ્તાર હવે નીચો થઈ ગયો છે. જેથી આગામી વરસાદમાં આ વિસ્તારમાં આઠથી દસ ફૂટ જેટલા પાણી ભરાઈ જવાનો ભય હોવાથી આ વિસ્તારના સ્થાનિકોએ પાલિકામાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન મોટી કરવા અનેકવાર રજૂઆતો કરી હોવા છતાં પાલિકાએ પગલાં ન લેતાં સીએમને ઓનલાઈન રજૂઆત કરી હતી.

### માલપુરમાં અજાણ્યા વાહનની અડફેટે

## મૃત્યુ પામેલ વ્યક્તિના નામે ખોટો વીમો પકાવનાર ગેંગનો પર્દાફાશ

### મૃતક યુવકની અપરણિત હોવા છતાં પરણિત બતાવી અને અકસ્માતમાં વાહન ઉભું કરતા પોલીસ ફરિયાદ

મોડાસા, તા. ૯
ખોટી રીતે રૂપિયા મેળવવા લોકો અવનવા પેતરા રાચતા હોય છે વીમા કંપનીનો વીમો પકાવવા વીમા ધારકની હત્યા તેના નજીકના વ્યક્તિ કે પરિવારજનો કરી હોવાની અનેક ઘટનાઓ દેશ-વિદેશમાં બની રહી છે. અરવલ્લી જીલ્લાના માલપુર ગામમાં ૧૯ વર્ષ પહેલા અજાણ્યા વાહનની અડફેટે યુવકનું મોત નિપજતા ગામના જ એક શખ્સે મૃતક યુવક અપરણિત હોવા છતાં તેની પત્નીને મૃતકની પત્ની તરીકે વારસદાર બતાવી અને વાહન અને ચાલક ખોટા ઉભા કરી વીમા કંપની પાસે વધુ નાણાકીય લાભ મેળવવા રચેલા કાવતરાનો કોર્ટમાં અજાણ્યા શખ્સે કરેલી અરજીના આધારે પર્દાફાશ થતા માલપુર પોલીસ સ્ટેશનમાં પતિ-પત્ની સહીત ૪ શખ્સો અને કાવતરામાં સામેલ અન્ય શખ્સો સામે ફરિયાદ નોંધાતા સમગ્ર તપાસની ગંભીરતા સમજી તપાસ જિલ્લા એલસીબીને સુપ્રત કરાઈ છે.

માલપુર ગામમાં રહેતા અમૃતભાઈ કોદરભાઈ વણકરનું તા. ૭-૨-૨૦૦૧ના રોજ અજાણ્યા વાહને ટક્કર મારતા અકસ્માતમાં મોત નીપજ્યું હતું ગામમાં જ રહેતા હીરાભાઈ ગણેશભાઈ વણકર અને રૂઘનાથપુરાના ડાહ્યાભાઈ સંકાળાભાઈ રાવળે અકસ્માતમાં વાહનની ગોઠવણ કરી મૃતક યુવક અપરણિત હોવાથી હીરાભાઈ વણકરે તેમની પત્ની પૂનીબેન વણકરને મૃતકની પત્ની બનાવી વીમા કંપનીમાં વારસદાર તરીકે બતાવી ખોટી રીતે વીમા કંપની પાસેથી વધુ નાણાકીય લાભ મેળવવા મૃતકના સગાવ્હાલાઓ સાથે મળી ખોટા દસ્તાવેજ ઉભા કરી મૃતક યુવકના પિતા કોદરભાઈ પુંજાભાઈ વણકર (મરણજનાર) તેમનો પુત્ર અપરણિત હોવાછતાં પરણિત જણાવી તપાસના કામે પોલીસને ગેરમાર્ગે દોરી તેમજ કોર્ટને ગેરમાર્ગે દોરી નાણાકીય લાભ મેળવવા ખોટા દસ્તાવેજો ઉભા કરવાનું કૌભાંડ કોર્ટમાં અજાણ્યા શખ્સે કરેલી અરજીના લીધે પર્દાફાશ થતા ભારે ચકચાર મચી હતી.

માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એમ. વાઘેલા ફરિયાદી બની હીરાભાઈ ગણેશભાઈ વણકર, પૂનીબેન હીરાભાઈ વણકર, કોદરભાઈ પુંજાભાઈ વણકર(હયાત નથી) ત્રણે રહે,વણકરવાસ માલપુર અને ડાહ્યાભાઈ સાંકળાભાઈ રાવળ (રહે, રૂઘનાથપુરા-માલપુર) તથા તપાસમાં મળી આવે તે તમામ વિરુદ્ધ ઈપીકો કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૮૨, ૧૨૦(બી) મુજબ ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.




શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા, પંચમહાલ જિલ્લા ની કારોબારી બેઠક ૮મી જુલાઈના રોજ ગોધરા ખાતે મળી હતી. આ બેઠકમાં પ્રદેશના ઉપપ્રમુખ ભરતભાઈ રાવલ, અશ્વિનભાઈ ત્રિવેદી, આશિતભાઈ ભટ્ટ અને યુવા સંગઠનમંત્રી દિવ્ય ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. પંચમહાલ જિલ્લા કારોબારી બેઠકમાં નવનિયુક્ત પદાધિકારીઓને નિમણૂકપત્રો આપીને આગામી કાર્યક્રમો અંગે પ્રદેશ ઉપપ્રમુખશ્રીઓ દ્વારા રણનીતિ ઘડીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું . જિલ્લા પ્રમુખ કાર્તિકભાઈ ત્રિવેદી, મહામંત્રી મનોજભાઈ જોશી, રાજેશભાઈ રાવલ, મહિલા અધ્યક્ષ કાશ્મીરાબેન પાઠક, યુવા કા.અધ્યક્ષ કંદર્પભાઈ પંડ્યા સહીત જિલ્લા શહેર અને એકમની તમામ કારોબારીને પ્રદેશ મહામંત્રી અને કન્વીનર શ્રી યજ્ઞેશભાઈ દવે, મુખ્ય સંગઠક શ્રી કમલેશભાઈ વ્યાસ સહીત પ્રદેશના પદાધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## "સંપૂર્ણ દેવા-મુકત" થાઓ : ખેડૂત એકતા મંચ

### સાગર રબારીએ વિડિયો વાયરલ કરી ખેડૂતોને અપીલ કરી, બીજી તરફ નિકુલ પટેલ દ્વારા ધારાસભ્યોને પત્ર લખી દેવામાફીમાં સમર્થન આપવા માંગ કરી છે



ગુજરાત અસ્તિત્વમાં આવ્યા પછી પહેલી વાર એક ઐતિહાસિક તક મળી છે. ધારાસભ્ય હર્ષદ રીબડીયા ગુજરાતના ખેડૂતોની 'સંપૂર્ણ દેવા-મુક્તિ' માટે વિધાનસભામાં ખાનગી બિલ લાવી રહ્યા છે. એ બિલ આ ૧૧મી તારીખે ધારાસભ્યોના મતદાન માટે મુકવાનું છે. જો બહુમતી ધારાસભ્યો એના ટેકામાં મતદાન કરે તો એ કાયદો બને અને ૩ મહિનામાં ગુજરાતના નાના-મોટા તમામ ખેડૂતો 'સંપૂર્ણ દેવા-મુક્ત' બને તેમ છે ત્યારે ખેડૂતો દેવા મુક્ત થાય તેને લઈને ખેડૂત આગેવાનો આક્રમક મૂડમાં જોવા મળ્યા છે. ખેડૂત એકતા મંચ પ્રમુખ સાગર રબારી એ ખેડૂતોને ધારાસભ્યોને વિડિઓ વાયરલ કરીને દેવા માફી માટે અપીલ કરી છે. તો નિકુલ પટેલ દ્વારા અરવલ્લીના ધારાસભ્યોને પત્ર લખીને દેવા માફીમાં સમર્થન આપવા માંગ કરી છે. સાગર રબારીએ જણાવ્યું હતું કે આપણે ધારાસભ્યોને મત આપ્યા છે. ચૂંટાયા પછી ધારાસભ્ય કોઈ એક પક્ષના રહેતા નથી, એ મતવિસ્તારની તમામ જનતાના વિધાનસભામાં પ્રતિનિધિ છે. આપણે સૌએ એમને ફોન કરીને, પત્ર લખીને, રૂબરૂ મળીને વિનંતી કરવી જોઈએ કે ખેડૂતોની 'સંપૂર્ણ દેવા-મુક્તિ'ના કાયદાની તરફેણમાં તમામ ધારાસભ્યો મતદાન કરે. ભા.જ.પ., કોંગ્રેસ, એન,સી.પી. અને અપક્ષ, તમામે તમામ ધારાસભ્યો બિલની તરફેણમાં મતદાન કરી એને કાયદો બનાવે.

સરકાર કદાચ પૈસાના અભાવની વાત કરે તો, સરકારને સાફ સાફ કહેવું જોઈએ કે સુપ્રીમ કોર્ટના ચુકાદાની ઉપરવટ જઈને, અદાણી, ટાટા, એસ્સાર વગેરે પાવરપ્લાન્ટોને ભાવ વધારી આપવા માટે પૈસા છે, મારુતિને રાહત આપવા માટે પૈસા છે, ટાટાને મદદ કરવા માટે પૈસા છે, તાયફાઓ કરવા માટે પૈસા છે, તો...

ગુજરાતના ૫૪ લાખ ખેડૂતોને દેવા-મુક્ત કરવા માટે પૈસા કેમ નથી? તેમને વધુમાં જણાવ્યું કે નીલગાય, ભૂંડ અને રખડતા ઢોરોનો ત્રાસ, અનિયમિત વરસાદ, સિંચાઈની સગવડોનો અભાવ, ઉત્પાદનની ઘટ, પાક-વિમાના ધાંધિયા વગેરેને કારણે અમે દેવામાં ફસાયા છીએ, અમારી અણઆવડતને કારણે નહીં, તો સરકારે અમને મદદ કરવી જ જોઈએ. પોતાના પેન્શન માટે 'એકમત' થઈ શકતા ધારાસભ્યોને ખેડૂતોની "સંપૂર્ણ દેવા-મુક્તિ" માટે એકમત કરવા માટે સૌ ખેડૂતોએ પક્ષા-પક્ષી ભૂલીને, એક થઈ ધારાસભ્યો ઉપર દબાણ ઉભું કરવું પડશે.

## વડગામ કોલેજમાં વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

વડગામમાં આવેલી યુ.એચ. ચૌધરી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં મંગળવારે વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. જેમા અધ્યક્ષસ્થાને પાલનપુરના કૈલાશદાન ગઢવી હાજર રહી બાળકોને વ્યસનથી થતા નુકસાન અને વ્યસન શું કરવું જોઈએ તે અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ એલ.વી. ગોળ, કોમર્સ વિભાગના પ્રિન્સીપાલ ડી.બી. જગાણીયા અને કોલેજના અધ્યાપકો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના એન.એસ.એસ. વિભાગના અધ્યાપક રમેશભાઈ ચૌધરી અને આશાબેન ચૌધરી દ્વારા કરવામાં હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ વ્યસન અંગેની માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આશાબેન તથા મોનાલીબેન પુરોહિતે કર્યું હતું. ડગામમાં આવેલી કોલેજમાં વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો.